# ગુજરાત રાજ્ય બીજ નિગમ લિમિટેડ

(ગુજરાત સરકારનું સાહસ)
રજી. કચેરી : બીજ ભવન, સેકટર નં.૧૦–એ,ગાંધીનગર
વેબસાઈટ : www.gurabini.com.
ફોન : (૦૭૯)૨૩૨૫૬૬૮૭, ૨૩૨૫૬૭૧૬

## બીજ અધિકારીની ભરતી

આ નિગમની બીજ અધિકારી સંવર્ગની પગારધોરણ રૂા.૯૩૦૦–૩૪૮૦૦ તથા ગ્રેડ પે રૂા.૪૪૦૦/– (પીબી–૨)ના પગારધોરણની(**અનુ.જાતિ ૦૧, અનુ.જનજાતિ ૦૨, સા.શૈ.પ. ૦૧ તથા બિન અનામત ૦૮ જગ્યાઓ મળીને)** કુલ–**૧૨(બાર)** જગ્યાઓ **બી.એસ.સી. (એગ્રી.)–બીજોવર્ગ / એમ. એસ. સી.(એગ્રી.)**ની પદવી ધરાવતા ઉમેદવારોથી ભરવાની છે. જે અંગેની વિગતો વેબસાઈટ www. gurabini. com ઉપર મુકેલ છે તેમાં નિર્દિષ્ટ લાયકાતો ધરાવતા ઉમેદવારોએ પોતાની સંપુર્ણ વિગતો દર્શાવતી અરજી વેબસાઈટ ઉપર મુકેલ નિયત અરજીપત્રકમાં પ્રમાણપત્રોની પ્રમાણિત નકલો તથા પાસપોર્ટ સાઈઝના તાજેતરના બે ફોટોગ્રાફ સાથે આ નિગમની વડી કચેરીના ઉપર જણાવેલ સરનામા ઉપર મોડામાં મોડી તા.૩૧–૦૧–૨૦૧૩ ના રોજ સાંજના ૧૭.૦૦ કલાક સુધીમાં મળી જાય તે રીતે રૂબરૂ/ટપાલથી મોકલી આપવાની રહેશે. કવર ઉપર **બીજ અધિકારીની ભરતી** એમ સ્પષ્ટ દર્શાવવાનું રહેશે. નિયત નમુના સિવાયની અરજી ધ્યાને લેવામાં આવશે નહી. અન્ય વિગતો વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે. જે ઉમેદવારોએ અગાઉ અરજી કરેલ છે તે ઉમેદવારોએ નવેસરથી અરજી કરવાની રહેશે જેની નોંધ લેવી.

**(યુ.ડી.સિંઘ)**
**મેનેજીંગ ડીરેકટર**

ગુજરાત રાજ્ય બીજ નિગમ લિમિટેડ
(ગુજરાત સરકારનું સાહસ)
રજી. કચેરી : બીજ ભવન, સેકટર નં.૧૦–એ,ગાંધીનગર
વેબસાઈટ :www.gurabini.com.
ફોન : (૦૭૯)૨૩૨૫૬૬૮૭, ૨૩૨૫૬૭૧૬

# બીજ અધિકારીની ભરતી

આ નિગમની બીજ અધિકારી (વર્ગ–૨)સંવર્ગની પગારધોરણ રૂા.૯૩૦૦–૩૪૮૦૦ તથા ગ્રેડ પે રૂા.૪૪૦૦/–(પીબી–૨)ના પગારધોરણની **૧૨ (બાર) જગ્યાઓ** નીચેની વિગતે ભરવાની છે. પસંદગીની પ્રક્રિયામાં (૧) લેખિત કસોટી (૨) શૈક્ષણિક લાયકાત તથા (૩) રૂબરૂ મુલાકાતનો સમાવેશ થાય છે.

| જાહેરાત ક્રમાંક | જગ્યાનું નામ | કુલ જગ્યા | કક્ષાવાર જગ્યાઓ | | | |
|---|---|---|---|---|---|---|
| | | | બિન અનામત | અનુ.જાતિ | અનુ.જનજાતિ | સા.શૈ.પ. |
| ૧ | બીજ અધિકારી વર્ગ–૨ | ૧૨ | ૦૮ | ૦૧ | ૦૨ | ૦૧ |

**જરૂરી શૈક્ષણિક લાયકાત :**

ભારતમાં કાયદાથી સ્થપાયેલ અથવા સંસ્થાપિત માન્ય યુનિવર્સિટીની કૃષિ સ્નાતક **(બી.એસ.સી.એગ્રી.)** માં ઓછામાં ઓછા બીજા વર્ગની પદવી ઉમેદવાર ધરાવતા હોવા જોઈએ.

માન્ય યુનિવર્સિટીની કૃષિ અનુસ્નાતક **(એમ.એસ.સી. એગ્રી.)**ની પદવી જેમાં મુખ્ય વિષય તરીકે **પ્લાન્ટ બ્રીડીંગ એન્ડ જીનેટીકસ, એગ્રોનોમી,** પ્લાન્ટ પેથોલોજી, એગ્રીકલ્ચર એન્ટોમોલોજી, એગ્રી. એકસટેન્શન અથવા સીડ ટેકનોલોજીના ઉમેદવારને પસંદગીમાં **પ્રાધાન્ય આપવામાં આવશે.**

**વયમર્યાદા :** તા.૦૧–૦૨–૧૩ના રોજ ૩૦ **વર્ષ** કરતાં વધુ નહી/ઉપલી વયમર્યાદામાં સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર છૂટછાટ આપવામાં આવશે.

**અન્ય લાયકાત :** ગુજરાતી કે હિન્દી અથવા બન્ને ભાષાની પૂરતી જાણકારી ધરાવતા હોવા જોઈએ.

**અન્ય વિગત :** (૧) નિમણુંક પામતા ઉમેદવારનો અજમાયશી સમયગાળો બે વર્ષનો રહેશે. આ સમયગાળામાં ઉમેદવારે સી.સી.સી. પ્લસની સરકારમાન્ય સંસ્થામાંથી પરિક્ષા પાસ કરવાની રહેશે.
(૨) નિમણૂંક પામતા ઉમેદવારે નિગમ ધ્વારા નિયત કર્યા મુજબના સમયગાળા તથા નિયત કરેલ રકમનું સિક્યોરીટી તથા સ્યોરીટી બોન્ડ આપવાનું રહેશે.

**અરજી કરવાની રીત :**

ઉમેદવારે નિગમની વેબસાઈટ www.gurabini.com. ઉપરથી **બીજ અધિકારીની જગ્યા** માટેની અરજીનું અરજીપત્રક મુકવામાં આવેલ છે તે નિયત અરજીપત્રકમાં જરૂરી વિગતો તથા શૈક્ષણિક લાયકાત અને અનુભવના પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ તથા તાજેતરના બે પાસપોર્ટ ફોટા સાથે નિગમની વડી કચેરીને ઉપર જણાવેલ સરનામે મોડામાં મોડી તા.૩૧–૦૧–૨૦૧૩ ના રોજ સાંજના ૧૮.૧૦ કલાક સુધીમાં મળી જાય તે રીતે રૂબરૂ/સાદી ટપાલથી મોકલી આપવાની રહેશે. કવર ઉપર **બીજ અધિકારીની ભરતી** એમ સ્પષ્ટ દર્શાવવાનું રહેશે. **નિયત અરજી પત્રક સિવાય તથા જરૂરી બિડાણો વગરની અરજી ધ્યાને લેવામાં આવશે નહી જેની સ્પષ્ટ નોંધ લેવી.**

**અન્ય જરૂરી સુચનાઓ :**

૧. અનામત વર્ગના ઉમેદવારોને બધી જ મળવાપાત્ર છૂટછાટ ગણતરીમાં લીધા બાદ વધુમાં વધુ ૪૫ વર્ષની ઉમર સુધી જ ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળશે.

૨. સામાજીક અને શૈક્ષણિક પછાતવર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૬–૨–૧૯૯૬ના ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ટ '**ક**' અરજીપત્રક સાથે અચૂક રજુ કરવાનું રહેશે. પરિશિષ્ટ '**ક**' તા.૩૧–૩–૧૨ ના રોજ પુરા થયેલા ૨૦૧૧–૧૨ ના નાણાંકીય વર્ષની આવકને ધ્યાને લઈને તા.૧–૪–૧૨ થી તા.૩૧–૧૨–૧૨ દરમ્યાન યોગ્ય સત્તાધિકારીએ આપેલ હોવું જોઈએ.

૩. મૂળ ગુજરાતના અનુ.જાતિ, અનુ.જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક પછાતવર્ગના ઉમેદવારોને જ અનામતવર્ગના ઉમેદવાર તરીકે લાભ મળશે.

૪. ઉમેદવારે અરજીપત્રકમાં કોઈપણ વિગત ખોટી બતાવેલ હશે તો તેનું અરજીપત્રક કોઈપણ તબકકે રદ કરવામાં આવશે તથા તેણે લાયકીધોરણ મેળવેલ હશે કે ઉમેદવાર પસંદગી પામેલ હશે તો પણ તેની ઉમેદવારી આપોઆપ રદ ગણાશે.

૫. એકથી વધુ જગ્યા માટે એક જ ઉમેદવારે અરજી કરેલ હશે તો તેવા ઉમેદવારની એકપણ અરજી વિચારણામાં લેવાશે નહી.

૬. ઉમેદવારે અરજી સાથે બે પાસપોર્ટ ફોટોગ્રાફ જે પૈકી એક ફોટો નિયત અરજીપત્રક ઉપર વ્યવસ્થિત ચોંટાડવાનો રહેશે અને બીજા ફોટોગ્રાફ પાછળ પોતાનું નામ સરનામું લખી કવરમાં અરજી સાથે સ્ટેપલીગ કરવાનો રહેશે. **બે ફોટોગ્રાફ નહી હોય તેવા ઉમેદવારોને લેખિત કસોટીની જાણ કરવામાં આવશે નહી.**

૭. લેખિત કસોટી અમદાવાદ અથવા ગાંધીનગર ખાતે યોજવામાં આવશે. લેખિત કસોટી OMR પધ્ધતિની રહેશે. ૧૦૦ ગુણનું બીજ તથા કૃષિ સંલગ્ન જનરલ એગ્રીકલ્ચર વિષયનું ઓબજેકટીવ ટાઈપ–મલ્ટીપલ ચોઈસનું રહેશે. દરેક પ્રશ્નનો એક ગુણ રહેશે તથા ઓછામાં ઓછા **૫૦ ગુણ** પાસીગ ગુણ તરીકે ગણવામાં આવશે.

૮. લેખિત કસોટીમાં મેળવેલ માર્કસ, શૈક્ષણિક લાયકાત, કોમ્પ્યુટર જ્ઞાન તથા મૌખિક ઈન્ટરવ્યુના ગુણ તથા ભરતી નિયમોની જોગવાઈ અનુસાર પસંદગીયાદી તૈયાર કરવામાં આવશે.

૯. જે ઉમેદવાર ભરતી નિયમો મુજબ ઉમર તથા જરૂરી શૈક્ષણિક લાયકાત ધરાવતા નહી હોય તેવા ઉમેદવારને ભરતી પ્રક્રિયામાંથી કોઈપણ તબકકે અયોગ્ય ગણીને અપાત્ર કરવામાં આવશે.

૧૦. ઉમેદવાર અરજી કર્યા બાદ પરત ખેંચી શકશે નહી.

**મેનેજીગ ડીરેકટર**

# Gujarat State Seeds Corporation Limited

Registered Office ;"Beej Bhavan", Sector-10A, Gandhinagar-382010.
**Phone No.(079) 23256687,23256716 website : www.gurabini.com,**

APPLICATION FOR THE POST OF **SEED OFFICER**

<table>
<tr><td>1</td><td colspan="6">Full name of Candidate</td></tr>
<tr><td>2</td><td colspan="2">Address for Correspondence</td><td colspan="4">Permanent Address</td></tr>
<tr><td></td><td colspan="2"></td><td colspan="4"></td></tr>
<tr><td>3</td><td colspan="2">Mobile No.</td><td colspan="4">Email</td></tr>
<tr><td rowspan="2">4</td><td colspan="2" rowspan="2">Date of Birth Day /Month / Year</td><td colspan="4">Place of Birth :</td></tr>
<tr><td colspan="4">Domicile State :</td></tr>
<tr><td>5</td><td>Age as on<br>01-02-2013</td><td>Year</td><td colspan="2">Months</td><td colspan="2">Days</td></tr>
<tr><td rowspan="2">6</td><td colspan="2">Caste:<br>Whether belonging to<br>(Tick whichever applicable)</td><td>OPEN</td><td>SC</td><td>ST</td><td>SEBC</td></tr>
<tr><td colspan="2">Caste /Sub Caste<br>enclose certi./ non creamylayer certi. for SEBC</td><td colspan="4"></td></tr>
<tr><td rowspan="3">7</td><td colspan="2" rowspan="3">Languages Known<br>(Knowledge of Gujarati essential)</td><td colspan="4">Read</td></tr>
<tr><td colspan="4">Write</td></tr>
<tr><td colspan="4">Speak</td></tr>
<tr><td>8</td><td colspan="6">Qualifications ( including Additional Qualification etc.)</td></tr>
</table>

| Name of University | Degree | Year of Passing | Class | Percentage | Subject of Specialization |
|---|---|---|---|---|---|
| | B.Sc.(Agri.) | | | | |
| | M.Sc.(Agri.) | | | | |
| | P.hd. | | | | |

| 9 | **Experience** | | | | | |
|---|---|---|---|---|---|---|
| | Name of Govt. Organisation Board/Corporation | Post held | Period | | Pay scale | Reason for Leaving |
| | | | From | To | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| 10 | **Computer Knowledge**<br>Attach certificate. | | | | | |
| 11 | **Marital Status** | No. of Children | | No.of Dependents | | |

I certify that the above facts and statement are true to the best of my knowledge and belief without consequential omissions of any kind whatsoever and I understand that any misstatement and suppression of facts if any, noticed subsequently will subject to immediate disqualification/dismissal in case i am selected for the post in any stage.

**Place :** **Signature of the Applicant**

**Date :** (Full Name) :

**Enclosure : Certified True Copy of**

1 : School Leaving Certificate for proof of Birth Date
2 : Bachelor's Degree Marksheet and Degree Certificate of University
3 : Post Graduate Degree Marksheet and Degree Certificate of University
4. Cast certificate and non creamylayer certificate annexuer ' **f** ' issued by Competent Authority.
5. Experience Certificate.

**For Office Use Only**

A : Checked & Verified

B : Whether Candidate is qualified for the post of Seed Officer as per Recruitment Rules ?
**YES / NO**

Date:

Place : Gandhinagar

**Checked & Verified by**